# પ્રાંતિજ ખાતે પ્રાથમિક શિક્ષકોએ સર્વેક્ષણમાં સહયોગ આપ્યો

**પ્રાંતિજ સહિત તાલુકામાંથી ૧૨ જુથોમાં સર્વેક્ષણમાં ૫૫ ટકા શિક્ષકો હાજર રહ્યા : ૬૫૩ શિક્ષકોમાંથી ૩૬૫ શિક્ષકો હાજર રહ્યા : ૨૮૮ ગેરહાજર રહ્યા : ૫૫ ટકા શિક્ષકો હાજર રહ્યા**



પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકાના પ્રાથમિક વિભાગ ના શિક્ષકોએ સર્વેક્ષણ મા જોડાયા હતા જેમા ૬૫૩ શિક્ષકો માથી ૩૬૫ શિક્ષકોએ સર્વેક્ષણ મા હાજરી આપી હતી તો ૨૮૮ જેટલા શિક્ષકો ગેર હાજર રહ્યા હતા.

પ્રાંતિજ સહિત તાલુકાના પ્રાથમિક શિક્ષકોએ સર્વેક્ષણ સજ્જતા ને લઈ ને આજે ૧૨ સેન્ટરો મા હાજરી આપી હતી જેમા ૬૫૩ શિક્ષકો પૈકી ૩૬૫ શિક્ષકો હાજર રહ્યા હતા જેમા ૫૫ ટકા શિક્ષકો ની હાજરી જોવા મળી હતી તો સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદભાઈચૌધરી ના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ બીઆરસી કોઓડીનેટર જીગ્નેશભાઈ પટેલ દ્વારા સફળ સંચાલન કરવામા આવ્યુ હતુ તો આ અંગે સંઘ દ્વારા સર્વેક્ષણ સજ્જતા નો વિરોધ પણ કરવામા આવ્યો હતો તેમ છતાંય પ્રાંતિજ સહિત તાલુકા મા ૫૫ ટકા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા અને શિક્ષકોની હાજરી જોવા મળી હતી તો એકંદરે સર્વેક્ષણ સજ્જતા કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# ધનસુરાના કૉલેજમાં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ‘ઇતિહાસના દસ્તાવેજોની ઝાંખી’ કરાવાઈ





ધનસુરા, તા. ૨૪

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરાના ઈતિહાસ વિભાગના ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ‘ઈતિહાસના દસ્તાવેજોની ઝાંખી’ નું આયોજન પુર્વ, આધિક્ષક શ્રી જે. વી. શાહ, આરકાઈઝ વિભાગ, ગાંધીનગર ધ્વારા કરવામાં આવેલ, જેમાં ૧૫૦ વર્ષ થી પણ જુના દસ્તાવેજો નું પ્રદર્શન રાખવામાં આવેલ જેનું ઉદ્ઘાટન ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી શ્રી દિલીપસિંહ પરમાર દ્વારા કરવામાં આવેલ,જેમાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એ પ્રદર્શનનો મોટી સંખ્યામાં હાજર રહી લાભ લીધો હતો, જે.વી. શાહ દ્વારા પોરબંદર, ભાવનગર, જૂનાગઢ, વાંસદા, ઈડર, પાલનપુર, જામ્બુઘોડા, ગાયકવાડ સ્ટેટ ને લાગતા દસ્તાવેજો, મહાત્મા ગાંધીના પત્રો, બાબા સાહેબ આંબેડકર ની સ્કોલરશીપ, શ્યામજી કૃષ્ણ વર્માની દિવાન તરીકે ની નિમણૂક, રાજા રવિ વર્માના ચિત્રો, રાજાઓ નો રાજચિન્હો, રાજાઓના પ્રજા હિત કાર્યો વિશે,ગાંધીજી ની વિવિધ દેશો એ બહાર પાડેલ ટપાલ ટિકિટો જેવા અનેક દસ્તાવેજોનું પ્રદર્શન કરી વિદ્યાર્થીઓ ને વ્યાખ્યાન આપ્યું હતું, કાર્યક્રમનું સંચાલન મિતુલભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવેલ,સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડો. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટના માર્ગદર્શન થકી કરવામાં આવ્યું હતું.

# રોટરી કલબ ઓફ પાલનપુર દ્વારા દિવ્યાંગ બાળકો વચ્ચે રક્ષાબંધનની ઉજવણી



પાલનપુર, તા. ૨૪

ભાઈ-બહેનના સ્નેહના પ્રતીક સમા પવિત્ર રક્ષાબંધન પર્વની પાલનપુર ખાતે રોટરી કલબ ઓફ પાલનપુર દ્વારા ઉજવણી કરાઈ હતી. પાલનપુર રોટરી હોલ ખાતે રોટરી કલબ ઓફ પાલનપુર દ્વારા એસ.કે.મેવાડા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દિવ્યાંગ એજ્યુકેશનના બાળકો સાથે રક્ષાબંધનની અનેરી ઉજવણી કરાઈ હતી. જેમાં રોટરી કલબ ઓફ પાલનપુરના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

ભિલોડા,તા.૨૪

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી,આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,બામણામાં રક્ષાબંધન પર્વ નિમિત્તે ઉજવણી યોજાઈ હતી.હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણથી સ્થાનિક તપાસ સંદર્ભે ગવરમેન્ટ નિયુક્ત સેન્ડીકેટ સભ્ય હરેશભાઈ ચૌધરી (પાટણ),પ્રિ.અજયભાઈ પટેલ (શામળાજી),પ્રિ.સી.એન. ઠક્કર (રાધનપુર) સહિત કેળવણી મંડળના સર્વે કારોબારી સભ્યો,કોલેજના પ્રિ.ડૉ.કલ્પનાબેન પટેલ,સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ રક્ષાબંધન પર્વની ઉજવણી ઉત્સાહભેર યોજાઈ હતી.



# ભાદરવી પૂનમના મહામેળાનો નિર્ણય રાજ્ય સરકાર કરશે : જિલ્લા કલેકટર

**અંબાજીના ભાદરવી પૂનમના મહામેળાનું ભાવિ અધ્ધરતાલઃ કોરોના મહામારી વચ્ચે યાત્રાધામ અંબાજી ખાતે યોજાનાર ભાદરવી પૂનમના મહામેળાનું ભાવિ અધ્ધરતાલ બન્યુ છે**

પાલનપુર, તા. ૨૪

આ વર્ષે અંબાજી ભાદરવી પૂનમનો મેળો ૧૩થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન આવે છે. જોકે, મેળો યોજાય એવી કોઈ શકયતા જણાતી નથી. અધૂરામાં પૂરું મેળા અંગે સરકાર દ્વારા પણ હજુ સુધી કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી. મહામેળો યોજાશે કે નહિ ? આ બાબતે વિશ્વભર માં વસતા સેંકડો શ્રદ્ધાળુઓમાં અસમંજસ્ય જોવા મળી રહ્યુ છે. જોકે, મેળાને લઈ તંત્રે એક પણ બેઠક ન યોજતા એ સાબિત થઈ ગયું છે કે, આ વર્ષે પણ મેળો નહીં જ યોજાય. સેંકડો શ્રદ્ધાળુઓની આસ્થાના પ્રતિક સમા યાત્રાધામ અંબાજીમાં ભરાતો ભાદરવી મેળો માઈ ભક્તો માટે વિશેષ મહત્વ ધરાવે છે. વર્ષ ૨૦૨૦માં કોરોનાની મહામારીને લઇ ભાદરવી મહાકુંભને સ્થગિત કરી દેવામાં આવ્યો હતો. જયારે હવે મેળો શરૂ થવામાં ૨૩ દિવસ બાકી



રહયા છે. ત્યારે અંબાજીમાં વિશ્વભરમાં વસતા માઈભક્તોમાં અંબાને નવલા નોરતાનું નિમંત્રણ પાઠવી શકશે કે કેમ ? તે બાબતે પણ ભારે અસમંજસ જોવા મળી રહી છે.

બીજી તરફ ભાદરવી મેળાને લઈ વહીવટી તંત્ર દ્વારા પાંચ થી છ માસ અગાઉ જ મેળાની તૈયારીઓ શરૂ કરવામાં આવતી હતી. પરંતુ વર્તમાન સમયમાં વહીવટી તંત્રમાં પણ કોઈ સળવળાટ જોવા મળતો નથી.

જોકે, બનાસકાંઠા જિલ્લા કલેકટર આનંદ પટેલે જણાવ્યું હતું કે, ભાદરવી પૂનમના મેળા અંગેની વિચારણા અંગેનો નિર્ણય રાજયકક્ષાએથી લેવાશે. અત્રેની કચેરીએથી તમામ વિગતો રાજ્ય કક્ષાએ મોકલી દેવામાં આવી છે. મેળો યોજવા અંગેના માટે અગાઉથી આયોજન કરવું પડતું હોય છે. ત્યારે ભાદરવી મહામેળાનું ભાવિ અધ્ધરતાલ બન્યું છે.

# પાલનપુરની જિલ્લા જેલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ



પાલનપુર, તા. ૨૪

ભાઈ બહેનના સ્નેહના પ્રતિક સમા પવિત્ર રક્ષાબંધન પર્વની આજે પાલનપુરની જીલ્લા જેલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બહેનોએ કેદી ભાઈઓને રાખડી બાંધતા લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતા.સમગ્ર દેશમાં આજે ભાઈ બહેનના સ્નેહના પ્રતિક સમા પવિત્ર તહેવાર એવા રક્ષાબંધન પર્વની ધામધુમપુર્વક ઉજવણી કરવામાં આવે છે. જેમાં બહેન ભાઈની રક્ષા માટે ભાઈના હાથે રાખડી બાંધી તેની રક્ષા માટેની પ્રાર્થના કરતી હોય છે. જેને લઈ આજે પાલનપુર ખાતે આવેલ જીલ્લા જેલ ખાતે જેલમાં સજા ભોગવતા કેદીઓ માટે પણ રક્ષાબંધન પર્વનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં જેલમાં સજા કાપતા કેદીઓને પોતાની બહેનો દ્વારા રાખડી બાંધી મો મીઠું કરાવીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હોવાનું જેલ અધિક્ષક વી.પી.ગોહિલે જણાવ્યું હતું.જેલમાં સજા કાપતા કેદીઓ પણ સામાજિક તાંતણે બંધાઈ રહે અને સમાજમાં તેઓનું પુનઃ સ્થાપન થઈ શકે તે માટે જેલમાં પણ રાષ્ટ્રીય અને સામાજિક તહેવારોની ઉજવણી થતી હોય છે.

# ધાનેરા તાલુકાના ૧૨ ઈંટવાડા માલિકોને ૧૧ લાખનો દંડ કરાયો હતો

**એકપણ ઇંટવાડાએ દંડ ભર્યા વગર વેચી મારી તમામ ઇંટો ખાણ ખનીજ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની ઐસે કી તૈસી**

ધાનેરા, તા. ૨૪

ધાનેરા તાલુકામાં ઈંટવાડાઓ બાબતે અનેક ફરીયાદો થતાં તાલુકા વિકાસ અધિકારીએ ભુસ્તર વિભાગની ટીમનેસાથે રાખીને છ ગામોમાં ચાલતા ઈંટવાડાઓ ઉપર તપાસ હાથ ધરવામાં આવતા ૧૩ લોકોના ઈંટવાડાઓ ગેરકાયદેસર હોવાથી તેમની સામે કાર્યવાહી કરીને ૧૧ લાખનો દંડ ફટકારવામાં આવતા અન્ય ઈંટવાડા વાળાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે પરંતુ તે દંડ ફટકારવા છતાં એક પણ ઈંટવાડા વાળાએ દંડ ભર્યો નથી અને કાયદાના ધજાગરા ઉડાવ્યા છે. ત્યારે નવા તાલુકા વિકાસ ધિકારીએ આ બાબતે જેતે તલાટીને આ બાબતે તપાસ કરવા નોટીસ આપી છે.

**કોને કેટલો દંડ અપાયો હતો**

(૧) મહમદભાઈ કાળુભાઈ શેખ ગામ- જાડી -૮૮૮૩૦
(૨) હનિફભાઈ હુસેનભાઈ શેખ ગામ- જાડી -૧૧૧૧૩૮
(૩) રસુલભાઈ વલીભાઈ શેખ ગામ- જાડી -૩૩૩૧૨
(૪) આમિનભાઈ રહીમભાઈ શેખ ગામ- જાડી -૪૮૧૧૭
(૫) ઈદ્રેશભાઈ કરીમભાઈ શેખ ગામ- જાડી -૫૯૨૨૦
(૬) મહમદભાઈ ગફુરભાઈ શેખ ગામ- જાડી -૪૮૧૧૭
(૭) આમીનભાઈ રહીમભાઈ શેખ ગામ- જાડી -૪૮૧૧૭
(૮) અહમદભાઈ વલીભાઈ શેખ ગામ- જાડી -૨૮૧૨૯૫
(૯) હાનિનભાઈ સત્તારભાઈ શેખ ગામ- જાડી -૪૮૧૧૭
(૧૦) વલીમહમદ નુરમહમદ મુસ્લા ગામ- માલોત્રા -૧૪૮૦૫
(૧૧) રસીકભાઈ કરીમભાઈ કુંભાર ગામ- આસિયા -૫૧૮૧૮
(૧૨) અલ્કેશભાઈ અંબાલાલ પ્રજાપતિ ગામ- વાછડાલ -૨૬૬૪૯૦

ધાનેરા તાલુકાના મોટા ભાગના ગામડાઓમાં તળાવો તેમજ અન્ય ગૌચરની જમીનમાં મોટા પ્રમાણમાં ઈંટવાડાઓ પાડવામાં આવી રહ્યા છે. અને તે બાબતે અનેકવાર તાલુકા વિકાસ અધિકારીને રજુઆતો થવા પામેલ હતી જેથી તાલુકા વિકાસ અધિકારી રઘુભાઈ ચૌધરીએ જીલ્લાની ભુસ્તર વિભાગની ટીમને સાથે રાખીને આ ઈંટવાડાઓની તપાસ હાથ ધરી હતી. જેમાં આસિયા, થાવર, જડીયા, જાડી, માલોત્રા તેમજ વાછડાલ આ ગામોમાં ઈંટવાડાઓની તપાસ કરીને પાડવામાં આવેલ ઈંટોના પંચનામા કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં જડીયા સિવાયના ૧૨ જેટલા ઈંટવાડા માલિકો સામે દંડનિય કાર્યવાહી કરવામાં આવી હતી અને ૧૦૯૯૩૭૬ રુપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. પરંતુ તેને પણ ત્રણ મહીના થવા છતાં એક પણ ઈંટવાડા વાળાએ એક પણ રુપિયો ભર્યા વગર બારોબાર ઈંટ વેચી મારવા છતાં ખાણ ખનીજ કે તાલુકા પંચાયત દ્વારા કોઈજ કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તે બાબતે અનેક સવાલો ઉભા થવા પામ્યા હતા જેથી નવા આવેલા તાલુકા વિકાસ અધિકારી એ આ બાબતે દંડની રકમ ભરપાઈ થયેલ છે કે એમ તે તપાસ કરવા અને ના ભરાયો હોય તો દંડ ભરાવવા માટે જેતે ગામના તલાટી સરપંચને લેખીતમાં નોટીસ પાઠવી છે.

**ભુસ્તર ખાતુ એટલે ભ્રષ્ટાચાર ખાતુ : વીરમાભાઇ પટેલ (પ્રમુખ કિસાન સંઘ)**

બનાસકાંઠા જીલ્લામાં ભુસ્તર વિભાગના વર્ષોથી ચિપકી બેઠેલા અધિકારી દ્વારા હપ્તાના જોરે બેફામ ઓવરલોડ રેતીના ડમ્પરો બેફામ ચાલે છે જ્યારે ખેડુત પોતાના ખેતરમાં માટી નાંખવા માટે એકાદ બે ટ્રોલી ભરે તો તેમની સામે કાર્યવાહી કરીને મોટા દંડ ફટકારી દેવામાં આવે છે, જ્યારે આ ઈંટવાડા વાળાઓ વર્ષોથી તળાવની બધીજ માટી ઈંટો બનાવીને વેચી મારેલ છે તો તેમની સામે માત્ર નજીવો દંડ કરીને છોડી દેવામાં આવે છે અને આ દંડની રકમ પણ કોઈએ ભરેલ નથી અને બારોબાર ઈંટ પણ વેચી મારવામાં આવેલ છે. આ સરકારમાં માત્રને માત્ર ખેડુતોને જ જીવવાનો અધિકાર નથી અને આ વર્ષોથી ચિપકી બેઠેલા અધિકારીઓને બદલીને બીજા અધિકારીઓને મુકવામાં આવે તોજ ભલુ થાય તેમ છે.

**દંડ ભરાયો નહી હોય તો તેમની સામે કાનુની કાર્યવાહી થસે : તાલુકા વિકાસ અધિકારી**

ખાણ ખનીજ દ્વારા જે દંડ આપવામાં આવેલ તે દંડની તપાસ માટે જેતે ગામના તલાટીઓ ને આ દંડ ની ચકાસણી કરવા અને જો દંડ ન ભરવામાં આવ્યો હોય તો તેમની સામે કાર્યવાહી કરવા માટે લેખીતમાં જાણ કરવામાં આવી છે અને તે તપાસ કર્યા પછી તેમના રીપોર્ટના આધારે આ લોકો સામે કાયદાકિય કાર્યવાહી હાઠ ધરવામાં આવશે.

# પાલનપુરની ફાઈનાન્સ કંપનીના કર્મચારીએ રૂ.૧૪.૮૬ લાખની ઉચાપત કરી હોવાની રાવ

**પુનાવાલા ફાઇનાન્સ કંપનીના સીનીયર બ્રાન્ચ એકાઉન્ટ એકજ્યુકેટીવ ઓપરેશન ઓફીસરે રૂ.૧૪.૮૬ લાખની ઉચાપત કરતા ફરીયાદઃ કંપનીની બનાવટી પાવતીઓને ખરા તરીકે ઉપયોગ કરી રૂ.૫.૯૩ લાખ ગ્રાહકો પાસેથી ઉઘરાવી સિસ્ટમમાં એરર હોવાનું કહી પાવતી ન આપી**

પાલનપુર, તા. ૨૪

પાલનપુરની એક ફાયનાન્સ કંપનીના ઓપરેશન ઓફીસરએ રૂ.૧૪.૮૬ લાખની ઉચાપત કરતા ચકચાર મચી ગઈ છે. આ અંગે ફાઈનાન્સ વિભાગના કર્મચારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે ઓપરેશન ઓફીસર ને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા છે. પાલનપુરમાં પુનાવાલા ફાયનાન્સ કંપની આવેલી છે.જેમાં રબારીવાસ ઢુંઢીયાડીમાં રહેતા અને પુનાવાલા ફાયનાન્સ કમ્પનીમાં સિનીયર બ્રાન્ચ એકાઉન્ટ એકજ્યુકેટીવ ઓપરેશન ઓફીસર તરીકે સુધેશ અમીભાઈ દેસાઈ કામ કરતા હતા.

જેમના દ્વારા તા.૦૩-૪-૨૦૨૧થી ૦૩-૮-૨૦૨૧ સુધીના સમયગાળા દરમીયાન ગ્રાહકોએ ફાયનાન્સ કંપનીમાં જમા કરાવેલ રકમ રૂ.૩,૯૫,૭૬૬ તેમજ પેટી કેસમાં રાખેલ રકમ રૂ.૭૧૧૦ તેમજ ટેક્ષના રૂ.૩૦૦૦ કુલ મળી રૂ.૪,૫૮૭૬ તેમજ ગ્રાહકો પાસેથી લોનના હપ્તા મેળવી ફાયનાન્સ કંપનીની બનાવાટી પાવતીઓ ગ્રાહકોને ખરી તરીકે આપી રૂ.૫,૯૩,૨૫૭ની રકમ હિસાબોમાં જમા ન લઈ તેમજ ગ્રાહકો પાસેથી બારોબાર ફાયનાન્સ કંપનીના લોનના નાણાં પેટે રૂ.૪,૮૭,૦૪૫ ની રકમ બારોબાર મેળવી અને સિસ્ટમમાં એરર આવતી હોવાનું જણાવી ગ્રાહકોને પાવતી ન આપી કુલ રકમ રૂ.૧૪,૮૬,૧૭૮ની ઉચાપત કરી લોન લેનાર ગ્રાહકોના નાણાં બારોબાર પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખી કમ્પનીની રકમની ઉચાપત કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. જેથી આકેસણ રોડપર આવેલ દેવ રેસિડેન્સીમાં રહેતા અને પુનાવાલા ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતા રમેશભાઈ નટવરલાલ જોષીએ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં સુધેશ અમીભાઈ દેસાઈ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસાના કૂંપટ ગામે જુગાર રમતા છ લોકો ઝડપાયા

ડીસા, તા. ૨૪

ડીસા તાલુકા પોલિસી મળેલ બાતમી આધારે કૂંપટ ગામની સિમમાં ખુલા માં ગજીપાનાં નો જુગાર રમતા છ શક્સ ને ઝડપી પાડી તમામ વિરુદ્ધ જુગરધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**ઝડપાયેલા જુગરિયા**

(૧) નવુભા ભારતસિંહ રાઠોડ
(૨) પૃથ્વીસિંહ માલસિંહ સોલકી
(૩) નરેશકુમાર અરજનજી સોલકી
(૪) જસવતસિંહ હાલાજી સોલકી
(૫) હકુભાઈ પનાજી સોલકી
(૬) બાદલજી રમેશજી સોલકી
તમામ રહે.કૂંપટ તાલુકો ડીસા

ડીસા પંથક માં શ્રાવણીયા જુગાર ની મોસમ ખીલી છે રોજબરોજ ગ્રામ્ય અને સહેરી વિસ્તાર મા અનેક જુગરિયા પોલીસ ના હાથે ઝડપાઈ રહયા છે ત્યારે સોમવારે તાલુકા પોલીસે કૂંપટ ગામની સિમ માં જુગાર રમાતો હોવાની બાતમી આધારે રેડ કરતા ખુલા માં ગંજી પાના નો જુગાર રમતા છ જેટલા સક્સ પોલીસ ના હાથે ઝડપાઈ જવા પામ્યા હતા પોલીસે તપાસ દરમિયાન તેમની પાસે થી રૂપિયા ૨૦,૧૮૦ નો મુદામાલ ઝડપી જુગરધારા હેઠળ વધુ કાર્યવાહી હાથ ધરી છે

## જન્મદિને વધામણી



કિશોરભાઈ પટેલ
(હોટલ વૃંદાવન-માધવકંપા)
આનંદપુરાકંપા,
તા.બાયડ



કૈલાસ એન. પ્રજાપતિ
(કરણ પ્લાસ્ટીક-બાયડ)
(વિવેકાનંદ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



હરીશ પરમાર
(નાયબ માહિતી નિયામક કચેરી-હિંમતનગર)
વડાલી, જિ.સાબરકાંઠા



કિશન ગોસ્વામી
ડેમાઈ, તા.બાયડ



પ્રોફેસર જ્યંતિ ચૌધરી
અમદાવાદ



નીતિનકુમાર નટવરલાલ બારોટ
(ઉ.શિ. : બોરલ હાઈસ્કુલ)
(ઘનશ્યામનગર સોસાયટી)
બાયડ (આકરૂન્દ)



ધાર્મિક નીતિનકુમાર બારોટ
(ઘનશ્યામનગર સોસાયટી)
બાયડ(આકરૂન્દ)



ઘરમાં રહો, સુરક્ષિત રહો